વર્ષ ૨૦૦૯ માટે સેક્રટરી રિપોર્ટ

ઓશવાલ એલડરલી વેલફેર એસોશીયેશન ના દરેક સભ્યોનું વર્ષ ૨૦૦૯ ની સામાન્ય વાર્ષીક સભામાં આપ સૌનું હાર્દીક સ્વાગત છે.

ઓશવાલ એલડરલી વેલફેર એસોશીયેશને પોતાના જુના પ્રોજેક્ટો માં થી અમુક પ્રોજેક્ટો ચાલુ રાખ્યા હતા અને નવા પ્રોજેક્ટો માટે પ્રગતી કરી હતી (પ્રોજેક્ટ યોજના).

તે ઉપરાંત આપ સૌને જાણા હશેજ કે ગયે વર્ષે કમીટી નું વર્ષો જુનું સપનું ડે-કેર સેન્ટરના રૂપમાં સુકૃત પામ્યુ હતું જેમાં વર્ષો સુધી દરેક સભ્યો એકજ છત્ર છાયા નીચે રોજની વિવિધ પ્રવૃતીઓ નો લાભ મેળવી શકે પરંતુ સદનસીબે સભ્યો ના ઉત્સાહ ના અભાવને કારણે કમીટીને ડે-કેર સેન્ટર બંધ કરવાની ફરજ પડી હતી જેનો વિગનવાર ઉલ્લેખ માનનીય પ્રમુખે તેમના અહેવાલમાં કરેલ છે તેથી આ વિષયમાં હુ વધુ કઈ કહેવાનું ટાળુ છું.

સંસ્થાની હજુ એક યોજના જે એશીયન કેન્સર સપોર્ટ ગ્રુપ તરીકે ચાલુ હતી તે પણ સભ્યોનો સાથ ન મળવાને અભાવે બંધ કરવામાં આવેલ છે, છતાં ટેલીફોન દ્વારા હજુ પણ જરૂરીયાત મંદોને માહીતી અને મોખીક સપોર્ટ આપનું ચાલુ જ છે.

આપણી સંસ્થા માટે સારા સમાચાર એ છે કે ગત વર્ષે ૫૮ સભ્યો સંસ્થા દ્વારા આયોજીત શ્રીલંકાના અવિસ્મરણીય પ્રવાસમાં ૫૮ સભ્યો એ અમુલ્ય લાભ લીધો હતો.

વર્ષ ૨૦૦૯ માં ૭૦ જરૂરીયાત મંદોને ફોન દ્વારા તેમને લાગતી માહીતી અને સુચનો આપવામાં આવ્યા હતા, તે ઉપરાંત ૧૩ જણાને ઘરે જઇ તેમની જરૂરીયાત પુરી કરવા માટે અને ઘર બાબતે જાણકારી આપવામાં આવી હતી.

ક્રોયડોન ખાતે સંસ્થા દ્વારા સંચાલીત લંચયોન કલબ ને હજુ પણ લોકા દર ગુરૂવારે યાદ કરે છે. નોર્થ લંડનમાં કડવા પાટીદાર સેન્ટરમાં કામ ચાલુ હોવાથી સંસ્થા અહીં ફક્ત પાંચ જમણાવાર આયોજન કરી શકી હતી જે તેના ગયા વર્ષ કરતા ઘણી ઓછી છે.

હું ઓસવાલ એસોશીએશન યુ.કે. અને કડવા પાટીદાર નો સંસ્થા તરફથી આભાર વ્યક્ત કરું છે કે જેમણે ખુબજ વ્યાજબી દરે સંસ્થાને તેના હોલ અને અન્ય સુવિધાઓ વાપરવા આપી, તે ઉપરાંત આભાર માનું છું કેશવલાલ નેમચંદ શાહ નો સાધનો રાખવાની સગવડ કરવા બદલ અને શોભગભાઇ નો જેમણે વાસણોની ફેરફર માટે વાહન ઉપલબ્ધ કરાવી આપ્યુ અને સૌથી મુખ્ય આપણી સંસ્થાના વોલ્યુન્ટરો જેમણે કાર્યક્રમોમાં સ્વાદિષ્ટ ભોજનો બનાવ્યા તે બદલ ખુબ ખુબ આભાર.

આભાર સહ

ભગવાનજી સોમચંદ શાહ

સેક્રેટરી

પ્રમુખ સંદેશ

માનનીય સભ્યો,

આપસોને જય જિનેન્દ્ર, નમસ્તે અને પ્રણામ,

આપણી સંસ્થા તેના સભ્યો માટે સામાન્ય લાભ કાર્ય પ્રવૃતીમાં કાર્યરત રહ્યુ છે, કમીટી તથા તેના સભ્યો એ આયોજનબદ્ય વિવિધ કાર્યક્રમામાં હર્ષ ભેર સહભાગી થયા છે જેવા કે લંચયોન, સંગીત સંધ્યા, હેલ્થ અને વેલ્ફેર ને લાગતી બાબતો અને સૌથી પ્રચલીત આપણી સંસ્થા દ્વારા આયોજીત વિદેશ ટુરો.

આપણી સમક્ષ સૌથી મોટો પડકાર હતો હેરો ખાતે ડે-કેર સેન્ટર ચલવવાનો, જેનું સંચાલન ૬ માસના પ્રાયોગીક સ્તરે જુન ૨૦૦૯ માં કરવામાં આવ્યુ હતું, જેથી સભ્યો અહી વિવિધ પ્રવૃતીઓનો લાભ મેળવી શકી, ડે-કેર સેન્ટરનાં ઉટઘાનમાં શહેરના મહાનુભવાની સાથે અહીં પ્રખ્યાત ટી.વી. ચેનલવાળા પણ આખા ઉદ્દ્ઘાટન સમારોહ ને રેકાર્ડ કરી બ્રોડકાસ્ટ કર્યુ હતું, પરંતુ સદનસીબે સભ્યોનો રસ અને ભાગ લેવાનો ઉત્સાહ ઘટતો ઘયો જેથી કમીટી એ ડે-કેર સેન્ટર ના પ્રોજેક્ટને અહીજ થંભાવી દીધો હતો, તે છતા હું દરેક સભ્યોનો અને વોલ્યુન્ટરો નો આભારી છું જેમણે ડે-કેર સેન્ટર શરૂ કરવામાં અને ત્યારબાદ બંધ કરવામાં સંસ્થાની મદદે આવ્યા. ઘણા સભ્યોએ અમોને આર્થીક માર્ગદર્શન આપ્યુ જેમાં બ્રીટીશ હાર્ટ ફાઉન્ડેશન અને ડાયાબીટીસ યુ.કે. એ મહત્વનો આર્થીક ફાળો આપ્યો હતો.

ડે-કેર સેન્ટર સાથે અમોએ સૌથ લંડન કેન્સર સપોર્ટ ગ્રુપ ની માસીક સભાઓ પણ બંધ કરવાનો નિર્ણય લિધો હતો આ ગ્રુપ છેલ્લા ૪ વર્ષથી મહીના માં એક વાર મીટીંગ કરતુ હતું જેમાં કેન્સર ના દર્દી અને તેમની સંભાળ રાખતી વ્યક્તિઓ ને આ રોગ વિશે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવતુ હતું, તેવ રૂબરૂ મુલાકાત દ્વારા કેન્સરના દર્દીઓ ને માર્ગદર્શન આપી મદદ રૂપ થતા હતા, પરંતુ છેલ્લા થોડા સમય થી આ ગ્રુપ કેન્સર ના દર્દીઓને આર્ક્ષીત કરવામાં નિષ્ફળ રહ્યુ હોવા થી એનુ આયોજન બંધ કરવામાં આવ્યુ હતું, તે છતા કોઇપણ કેન્સરના દર્દી ને માર્ગદર્શન આપવાનું ગ્રુપના વડાઓ દ્વારા ચાલુ રાખવામાં આવશે. આ ગ્રુપના ત્રણે કો-ર્ડીનેટર વર્ષા શાહ, નયના જે. શાહ અને નયના પી. શાહ નો ખુબજ આભારી છું જેમણે આ ગ્રુપનું સંચાલન દરેક સમાજના લોકો માટે કર્યું હતું, અમે મેકમીલન કેન્સર ના પણ આભારી છીએ. અમો નોર્થ લંડન કેન્સર સપોર્ટ ગ્રુપનુ સંચાલન કરતા તૃપ્તી મોરઝરીયા ના પણ આભારી છીએ પરંતુ આ યોજના પણ ઉપરોક્ત કારણે બંધ કરવામાં આવી હતી.

આપણા નોર્થ અને સાઉથ લંડનના ભોજન કાર્યક્રમો ખુબ પ્રચલીત થઇ ચુક્યા છે, અને તેમાં પણ તિથીતા ભોજનનું આયોજન વિશેષ આકર્ષણ બની રહ્યું છે, ઉપરાંત આપણી દેશ-વિદેશની ટુરોનું આયોજન ખુબજ પ્રશંસનીય છે જેમાં ઘણા સભ્યોએ જુદા જુદા દેશોની સફર માણી હતી જે આ વ્યવસ્થીત આયોજન વગર તેઓ માટે શક્ય ના થાત.

હાલમાં આપણી સંસ્થામાં લગભગ ૧૮૦૦ જેટલા સભ્યો છે જેમાં ગયા વર્ષની સરખામણી એ વધારો નોંધાયો છે. આપણી સંસ્થાના વોલ્યુન્ટરો ના સકારાત્મક પ્રયાસો દ્વારા દરેક કાર્યક્રમોને સફળ બનાવી રહ્યા છે જે માટે હું તેઓ નો હૃદય પુર્વક આભારી છું, તે ઉપરાંત હું આપણી સંસ્થાના સંચાલન માટે ભંડોળ પુરૂ પાડતા દાતાઓનો પણ આભારી છો જેમણે આ સંસ્થા ની વડીલોની માટે ચાલતી યોજનાઓને પારખી ને તેને લાગતું ભંડોળ પુરૂ પાડ્યું, સાથોસાથ હું આભારી છું આપણી સંસ્થાના સેકેટરી શ્રી રસિકભાઇ શાહ, ટ્રેઝરર શ્રી ધ્રુવભાઇ શાહ, કમીટી ના સભ્યો શ્રીમતી વિજયાબેન શાહ, શ્રીમતી અનુરાધાબેન શાહ, મીનાબેન શાહ, શ્રીમતી મૃદુલાબેન શાહ અને સંચાલક શ્રી સતીશ ભાઇ શાહ નો જેમણે આ સંસ્થાને ચલાવવા ખુબજ પ્રશંસનીય રીતે દરેક યોજનાઓ તથા કાર્યક્રમોમાં પોતાનો યોગ્ય ફાળો આપ્યો જેણે દરેક સભ્યો એ વખાણ્યા છે.

આપ સૌ જાણતાજ હશો કે હાલની કમીટી ના ૨ વર્ષ પુર્ણતા ના આરે છે, તેથી હું આપ સૌ સભ્યોને નમ્ર વિનંતી કરવું છું કે આપણી સંસ્થાના સંચાલન માટે નવી વિચાર શૈલી સાથે નવા ચેહરાઓ આગડ આવે અને સંસ્થા ને હજુ આગડ લઇ જાય, આજે કમીટીમાં અમુક સભ્યો જેમાં મારો પણ સમાવેશ થાય છે અમે છેલ્લા ૧૨ વર્ષ થી સંચાલન કરી રહ્યા છે, આજે મને લાગે છે કે સંસ્થાની બાગડોર સંભાળવા નવા ચેહરાની ખાસ જરૂરીયાત છે.

હું ઇશ્વર ને પ્રાર્થના કરુ છુ આપણી સંસ્થાના સ્વર્ગસ્થ સભ્યોની આત્માને ચીર શાંતી આપી તેઓના સ્વજનોને સ્વર્ગસ્થની ખોટ સારવા હિંમત આપે.

ગત વર્ષે સંસ્થાના સભ્યોની ઈચ્છાઓ પૂરી કરવાની મે પૂરી કોશીશ કરી હતી છતાં કોઇ સભ્યોને મારા થકી કોઇ દુઃખ ભાવની લાગણી થઇ હોયતો તે બદલ મને ક્ષમ્ય ગણશો. આપ સૌ ના સાથ સહકાર સાથે સંસ્થાનું સંચાલન કરતાં મને ખુબજ આનંદ થયો તે બદલ હું આપ સૌ નો આભારી છું.

જય જીનેન્દ્ર

જયંતીલાલ (શશી) મેઘજી શાહ

પ્રમુખ